સરદારધામ



શ્રી લેઉઆ પટેલ પ્રગતિ મંડળ
કેળવણીધામ
શ્રી ધરમશીભાઈ એચ. મોરડિયા
કુમાર છાત્રાલય

સિવિલ સર્વિસ કેન્દ્ર

# UPSC PRELIMS BATCH-2025

**તારીખ:** 10-04-2024

# પ્રવેશ પરીક્ષા

કેળવણીધામ અમદાવાદ ખાતે યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસિસ Prelims Batch-2025ના નિ:શુલ્ક પ્રશિક્ષણવર્ગ માટેની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ માટે ઉમેદવારોએ www.kelavanidham.org વેબસાઇટ પર તારીખ 08-04-2024 થી 08-05-2024 સુધીમાં અરજી કરવાની રહેશે.

## શૈક્ષણિક લાયકાત અને યોગ્યતા :

| કેટેગરી | વય મર્યાદા | પ્રયાસોની સંખ્યા | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| **જનરલ/ EWS** | 21-32 | 6 | કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સીટી/ડીમ્સ યુનિવર્સીટીમાંથી સ્નાતક કરેલું હોવું જોઇએ અથવા જે ઉમેદવારે છેલ્લા વર્ષ/સેમસ્ટરની પરીક્ષા આપેલ હોય તે ઉમેદવારો અરજી કરી શકશે. |

**નોંધ - 1 : નીચે મુજબના વર્ગમાં સમાવિષ્ટ ઉમેદવારોને પ્રવેશ પરીક્ષા વગર ઇન્ટરવ્યૂના આધારે UPSC Prelims બેચમાં પ્રવેશ આપવામાં આવશે. જ્યારે આપેલ કેટગરીમાં સામેલ ન થનાર ઉમેદવારને પ્રવેશ પરીક્ષાના મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.**

1) ધોરણ 10, 12 તેમજ ગ્રેજ્યુએશન, તમામમાં 80% કે તેથી વધુ ટકા મેળવેલ હોય તેવા ઉમેદવારો. (જો માર્કસશીટ્સમાં % આપેલ ન હોય ત્યારે જ CGPA, CPI – 8 કે તેથી વધુ).
2) Chartered Account (CA) અને Company Secretory (CS) તરીકે સફળ થયેલ ઉમેદવાર.
3) નામાકિંત યુનિવર્સિટીમાં સ્નાતક સ્તરે ગોલ્ડ મેડલ મેળવેલ ઉમેદવારો
4) IIT, IIM, NIT અને BITS Pilani માં અભ્યાસ લઈ ચૂકેલ ઉમેદવારો
5) MBBSમાં સ્નાતક ડિગ્રી પાસ કરેલ હોય
6) SPIPAના અંતિમ પરિણામના પ્રથમ 100 ઉમેદવારો પૈકીનાં પાટીદાર ઉમેદવારો
7) છેલ્લા 2 વર્ષમાં UPSC પ્રાથમિક પરીક્ષામાં ઉતીર્ણ થયા હોય
8) છેલ્લા 2 વર્ષ(પરીક્ષા)માં GPSC વહીવટી અને મુલ્કી સેવા વર્ગ - 1 અને વર્ગ- 2ના રૂબરૂ મુલાકાત માટે લાયક ઠરેલ હોય

## : અરજી કરવાની રીત :

1. આ જાહેરાત સંદર્ભમાં  માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે.
2. કેળવણીધામ સિવિલ સર્વિસ કેન્દ્રમાં દીકરાઓને મેરીટના આધારે છાત્રાલય (હોસ્ટેલ)માં પ્રવેશ આપવામાં આવશે.
3. હોસ્ટેલ મળવા પાત્ર મેરીટમાં સામેલ ન હોય પરંતુ એ પછીના નિયત મેરીટમાં આવતા ઉમેદવારને નિ:શુલ્ક લાઈબ્રેરી એવમ નિયમ મુજબ ફી લઈને જમવાની સુવિધા કરી આપવામાં આવશે.
4. સમય મર્યાદામાં અરજી કરેલ વિધાર્થી પ્રવેશ પરીક્ષા આપી શકશે નહી.
5. પ્રવેશ સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણયો તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

## : સામાન્ય શરતો :

- પાટીદાર સમાજના ઉમેદવારો જ આ તાલીમવર્ગ માટે અરજી કરવા પાત્ર રહેશે.
- તાલીમવર્ગમાં 80% હાજરી ફરજીયાત રહેશે.
- અરજદારના અસલ પ્રમાણપત્રો સંસ્થા દ્વારા પ્રવેશ સમયે મંગાવવામાં આવે તો તે સમયે રજૂ કરેલ નહી હોય તો પ્રવેશ માન્ય ગણવામાં આવશે નહી.
- કેળવણીધામ સિવિલ સર્વિસ સેન્ટર નિયમ મુજબ 3 વર્ષથી UPSC પ્રાથમિક પરીક્ષામાં પ્રવેશ મેળવેલ વિધાર્થી પ્રવેશ પાત્ર રહેશે નહી.
- પ્રવેશ સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણયો તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

## યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસિસ પરીક્ષા-2025 પ્રશિક્ષણવર્ગમાં પ્રવેશ માટેનું આયોજન

| ક્રમાંક | વિગતવાર આયોજન | તારીખ |
|---|---|---|
| 1 | પ્રવેશ પરીક્ષાની જાહેરાત | 08-04-2024 |
| 2 | પ્રવેશ પરીક્ષાની અરજી સમય | 08-04-2024 થી 08-05-2024 |
| 3 | પ્રાથમિક પરીક્ષા(સ્ક્રીનીંગ ટેસ્ટ)(સવારે 8:00 થી 01:00) | 27-05-2024 |
| 4 | પ્રાથમિક પરીક્ષાનું પરિણામ | |
| 5 | મુખ્ય પરીક્ષા (બપોરે 3 થી 5) | |
| 6 | મુખ્ય પરીક્ષાનું પરીણામ | 17-06-2024 |
| 7 | વ્યક્તિત્વ કસોટી | 19,20-06-2024 |
| 8 | અંતિમ પરિણામ | 20-06-2024 |
| 9 | ડૉક્યુમેન્ટ વેરીફિકેશન | 21-06-2024 |
| 10 | તાલીમ વર્ગની શરૂઆત | 26-06-2024 |

## : પરીક્ષા માળખું :

| તારીખ (અંદાજીત) | સ્ટેજ | પેપર | સમય (કલાકમાં) | ગુણ |
|---|---|---|---|---|
| 27-05-2024 | પ્રાથમિક પરીક્ષા (સ્ક્રીનીંગ ટેસ્ટ) | **જનરલ સ્ટડીઝ (100 પ્રશ્નો)** | **2 કલાક** | **200** |
| | મુખ્ય પરીક્ષા | **જનરલ સ્ટડીઝ (05 પ્રશ્નો)** | **2 કલાક** | **100** |
| 19,20-06-2024 | વ્યક્તિત્વ કસોટી | - | - | **100** |

- કેળવણીધામ દ્વારા નક્કી કરેલ માળખા મુજબ પ્રાથમિક પરીક્ષાના ગુણને આધારે મેરીટમાં આવેલ ઉમેદવારોને મુખ્ય કસોટી માટે તેમજ મુખ્ય કસોટીમાં મેરીટ મુજબ લાયક ઠરનાર ઉમેદવારને વ્યકિતત્વ કસોટી માટે બોલાવવામાં આવશે.

## પ્રાથમિક પરીક્ષા અભ્યાસક્રમ અને જરૂરી સંદર્ભ પુસ્તક યાદી અને પરીક્ષા પદ્ધતિ

| Topic | Material/Books/References |
|---|---|
| **જુના પ્રશ્નપત્રો** | છેલ્લા 10 વર્ષના યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસિસના પ્રાથમિક પ્રશ્નપત્રો |
| **જનરલ નોલેજ (70 – પ્રશ્નો)** | |
| **ભૂગોળ** | ધોરણ-10 થી 12ના NCERT પાઠ્યપુસ્તકો તેમજ ધોરણ-11 થી 12ના GCERT પાઠ્યપુસ્તકો |
| **પર્યાવરણ** | NIOS, NCERT |
| **અર્થશાસ્ત્ર** | ધોરણ-10 થી 12ના NCERT પાઠ્યપુસ્તકો તેમજ ધોરણ-11 થી 12ના GCERT પાઠ્યપુસ્તકો & મૃણાલ પટેલના લેકચર |
| **બંધારણ** | ભારતીય બંધારણ - એમ. લક્ષ્મીકાંત, ડી.ડી. બાસુ , યુવા ઉપનિષદ પ્રકાશન + નવા બંધારણીય સુધારાઓ |
| **ઇતિહાસ** | પ્રાચીન ઇતિહાસ અને મધ્યકાલીન ભારત : LucentGK, આધુનિક ભારત : Spectrum<br>ધોરણ-07 થી 12ના NCERT પાઠ્યપુસ્તકો તેમજ ધોરણ-11 થી 12ના GCERT પાઠ્યપુસ્તકો |
| **સાંસ્કૃતિક વારસો** | ભારતનો સાંસ્કૃતિક વારસો : નિતીન સિંઘાનીયા, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો: ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડ, NIOS |
| **વિજ્ઞાન અને ટેક.** | NIOS, ધોરણ-07 થી 10 ના NCERT પાઠ્યપુસ્તકો |
| **સાંપ્રત પ્રવાહ** | The Hindu અથવા અન્ય સ્થાનિક ભાષાનું કોઈપણ સમાચારપત્રક |
| **GS Manual** | Tata McGraw-Hill's, Spectrum, Unique, Pearson, Arihant, Chronicle પબ્લીકેશન દ્વારા પ્રકાશિત GS/CSAT Manual પૈકી કોઇપણ એક મેન્યુયલ જોઇ લેવું. |
| **Aptitude (30 – પ્રશ્નો)** | |
| **Aptitude** | **ગણિત :** આર.એસ.અગ્રવાલ અથવા ધોરણ-06 થી 10ના NCERT પાઠ્યપુસ્તકો<br>**રીઝનીંગ :** એમ.કે. પાન્ડે અથવા BSC પબ્લીકેશન પૈકી કોઇપણ એક જોઇ લેવું.<br>**Comprehension:** કોઈ પણ પ્રેકટીસ અથવા જૂના પ્રશ્નપત્રોને આધારે. |

## ઓનલાઇન પરીક્ષા પદ્ધતિ

- બેચને Randomly 400-400 ની સંખ્યાવાળા ગ્રૂપમાં વિભાજીત કરવામા આવશે. જેનુ લીસ્ટ પરીક્ષાના અંદાજીત 3 દિવસ પુર્વે www.kelavanidham.org વેબસાઇટ એવમ ટેલીગ્રામ ચેનલ પર મુકવામા આવશે. જેમાં ઉમેદવારને આપેલ USER ID ઉમેદવારે યાદ રાખવો જરૂરી છે.
- દરેક ગ્રુપના પરીક્ષાર્થીને પરીક્ષાખંડમા Password આપવામા આવશે જેના દ્વારા તે પરીક્ષા આપી શકશે.
- જેમા કુલ ૧૦૦ પ્રશ્નો હશે, પ્રત્યેક પ્રશ્નનો ૨ ગુણ રહેશે તથા પરીક્ષા સમય ૨ કલાકનો રહેશે.
- પ્રાથમિક પરીક્ષા હેતુલક્ષી (MCQ) પ્રશ્નો હશે.
- પ્રશ્નપત્રની ભાષા હિન્દી/અંગ્રેજી રહેશે.
- પ્રત્યેક સાચા જવાબ માટે ૨ ગુણ મળવા પાત્ર રહશે. અને ખોટા જવાબ માટે -0.33 % ગુણ મેળવેલ ગુણમાથી બાદ થશે.
- દરેક ગ્રુપનો પેપર અલગ અલગ હશે પરંતુ પેપરનુ લેવલ સરખુ જ હશે.
- વિધાર્થીને પોતાની પરીક્ષા પુર્ણ થતાની સાથે પોતે પ્રાપ્ત કરેલ ગુણ પોતાની સ્ક્રીન પર જોઇ શક્શે.
- તમામ ગ્રુપ પૂર્ણ થયા બાદ પરીક્ષાર્થીએ ટીક કરેલ પ્રશ્નનો જવાબ સાચો હતો કે ખોટો એ જાણવા પોતાની જવાબવહી ડાઉનલોડ કરી શકશે જેની લીંક સિવિલ સર્વિસ વિભાગ દ્વારા આપવામાં આવશે.
- દરેક ગ્રુપમા હાજર રહેલા કુલ પરીક્ષાર્થીના ગુણને આધારે નિયમ મુજબ ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- તમામ ગ્રુપમા પરીક્ષા પુર્ણ થતા એક સાથે દરેક ગ્રુપમાથી પસંદગી પામેલ તમામ ઉમેદવારોનું એક લીસ્ટ તૈયાર કરી www.kelavanidham.org વેબસાઇટ પર મુકવામા આવશે.

## મુખ્ય પરીક્ષા અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ

મુખ્ય પરીક્ષામાં જણાવેલ કુલ 05 પ્રશ્નોના વર્ણનાત્મક જવાબો લખવાનો રહેશે. આ પેપરમાં ઉમેદવારે પોતાના વિચારો સ્પષ્ટ અને ક્રમબંધ રીતે જણાવવાના હોય છે. અહીં સ્પષ્ટ વિચારસરણી, મૌલિકતા અને વિષયવસ્તુના ઊંડાણપૂર્વકના જ્ઞાનને મહત્વ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા પ્રશ્નપત્ર તેમજ જવાબની ભાષા ગુજરાતી/હિન્દી/અંગ્રેજી રહેશે.

મુખ્ય પરીક્ષામાં પ્રશ્ન ઇતિહાસ, સાંસ્કુતિક વારસો, બંધારણ, અર્થશાસ્ત્ર, ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ, નીતિશાસ્ત્ર, જાહેર વહીવટ તેમજ સાંપ્રત પ્રવાહ વગેરે વિષયોને અનુરૂપ હશે. દરેક પ્રશ્નના 20 ગુણ રહેશે જેના માટે ઉમેદવારે 100-150 શબ્દોમાં વર્ણનાત્મક જવાબો લખવાના રહેશે.

## **વ્યક્તિત્વ કસોટી**

ઉમેદવારનું બોર્ડ દ્વારા ઇન્ટરવ્યૂ લેવામાં આવશે, ઇન્ટરવ્યૂનો ઉદ્દેશ્ય સક્ષમ અને નિષ્પક્ષી નિરીક્ષકોના બોર્ડ દ્વારા જાહેર સેવાની કારકિર્દી માટેના ઉમેદવારની વ્યક્તિગત યોગ્યતાનું મૂલ્યાંકન કરવાનો છે. પરીક્ષણનો હેતુ ઉમેદવારની માનસિક ક્ષમતાનો ન્યાય કરવાનો છે. ઉમેદવાર ઇન્ટરવ્યુ ગુજરાતી/હિન્દી/અંગ્રેજી ભાષામાં આપી શકશે.

## **પરીણામ**

અંતિમ પરીણામ મુખ્ય કસોટી અને વ્યક્તિત્વ કસોટીમાં મેળવેલ ગુણ આધારે મેરીટ જાહેર કરવામાં આવશે.

**નોંધ :** ઉમેદવારે આ જાહેરાત અન્વયેના રોજીંદા અપડેટ માટે આપેલ લીંકથી ટેલીગ્રામમાં જોઇન થવાનું રહેશે અને જાહેરાત અનુરૂપ વિગતોથી રોજીંદા અવગત રહેવું એ ઉમેદવારની જવાબદારી રહેશે.

**ટેલીગ્રામ લીંક :** **https://t.me/kdcsc**

---

**ટ્રેનિંગનું સ્થળ : કેળવણીધામ**

**સરનામું : ન્યૂ ઈન્ડિયા કોલોની, AMTS છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, ડી-માર્ટની પાછળ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦. ફોન : ૭૬૨૪૦ ૯૧૦૮૮ / ૭૬૨૪૦ ૯૧૦૯૯**

**E-mail : coordinatorcivilservices@gmail.com**